## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



આના કરતા ઓનલાઈન એજ્યુકેશન સારું... નેટ સ્લો છે એમ કરી આંટો તો મારી અવાય...!!

### પાવન પર્યુષણ પાંચમો દિવસ

**રાષ્ટ્રસંત આચાર્ય ભગવંતશ્રી પદ્મસાગર સુરીશ્વરજી મહારાજ સાહેબ**

## ભગવાન મહાવીરના જન્મ વાંચનનો દિવસ



આપણે ત્યાં હંમેશા એવું થાય છે કે કોઈ બહુ મોટા પ્રસંગની પાછળ નાના પ્રસંગની સ્મૃતિ વિશ્રય જાય છે પણ ઘણીવાર એ નાના પ્રસંગો એટલા બધા મહત્વના હોય છે કે આપણા આ જીવનને ખુબ જ ઉપયોગી થાય પર્યુષણનો પાંચમા દિવસનો મુખ્ય પ્રસંગ ચૌદ સ્વપ્ન દર્શન અને ભગવાન મહાવીરના જન્મ વાંચનનો છે. ભગવાન મહાવીર સ્વામીના જન્મ થયો એમ કલ્પસુત્રમાં પાઠ આવે તેનું વાંચન ગુરૂ ભગવંત કરે ત્યારે ઉપસ્થિત હજારો જૈનો શ્રીફળ વધેરીને પોતાનો આનંદ વ્યક્ત કરે છે. આ શ્રીફળ વધેરવા પાછળ પણ રીઝન છે કે આ દ્વારા જૈન વ્યક્તિએ ભાવ સૂચિત કરે છે. ભગવાન આજે તારા નામ પર શ્રીફળ વધેર્યુ એમ કાલે મારુ મસ્તક પણ વધેરવા તૈયાર રહીશુ. સમગ્ર ભારતમાં તમામ જૈન સંઘોમાં આજના દિવસે ચિક્કાર ભીડ હોય છે. આજના આ મહાવીર જન્મના વાંચનને કોઈ વ્યક્તિ છોડતો નથી પણ આપણી રીતભાત એ હતી કે આ બધુ તો બપોરના સમયે થાય છે. આજના દિવસે સવારના પ્રવચનમાં ખુબ જ મહત્વની વાત એ આવે છે કે ભગવાન મહાવીરના માતા ત્રિશલાદેવીએ પોતાના બાળક મહાવીરને ગર્ભમાં કેવી રીતે જાળવ્યો ? કેવી રીતે જતન કર્યુ ? એક વાત સમજવા જેવી છે કે ગર્ભમાં બાળક પર જેવી સંસ્કારની છાપ પડે છે એવો જ બાળક તૈયાર થાય છે. જે માતા બાળક ગર્ભમાં હોય ત્યારે અશ્લિલ દશ્યો જોઈ જોઈને મર્યાદા બહાર પગ મુકે છે તેના બાળક સજ્જન બને જ કેવી રીતે ?

આ સિવાય ગર્ભાવસ્થામાં માતાએ કેવું ખાવું ? કેવું જોવું ? કેટલું ચાલવું ? વિગેરે બાબતો પણ આ પ્રવચનમાં જણાવાય છે. આ રીતે ગર્ભાવસ્થામાં જીવન જીવનારી માતા જીનીયસ બાળકની માતા બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત કરે છે. આ ઉપરાંત એક સરસ વાત આ પ્રવચનમાં આવે છે કે ભગવાન મહાવીર સ્વામીની માતા ત્રિશલાદેવીને તેમના કુળની વૃદ્ધ સ્ત્રીઓ ગર્ભાવસ્થામાં કેવી રીતે રહેવાનું એ સંબંધી સૂચનાઓ આપે છે. સમજી શકાય એવી વાત છે કે ત્રિશલામાતા સાંભળતા અને સ્વીકારતા હશે તો જ આવી સારી સૂચનાઓ તેઓ આપતા હશે. અર્થાત વૃદ્ધની વાત માનવીએ આપણી ઉજ્જવળ કારકિર્દી માટે જરૂરી બાબત છે.

### ઘુંઘટ હોટલ પાસે માર્ગની બાજુમાં લાકડાના ફરમામાંથી ૧૬ બોટલ દારૂ ઝડપાયો

ગાંધીનગર-માણસા માર્ગ પર ઘુંઘટ હોટલ પાસે રોડની સાઈડમાં લાકડાના ફરમામાં બનાવેલા ખાનામાં સંતાડીને દારુનું વેચાણ કરતા ૨૭ વર્ષિય કલ્યાણસિંહ કાળુસિંહ ચૌહાણને પોલીસે પકડી પાડ્યો હતો. પોલીસે લાકડાના ખાનામાંથી વિદેશી દારુની રૂ.૯,૬૦૦ ની ૧૬ બોટલ, રૂ.૫૦૦ ની કિંમતનો મોબાઈલ ફોન મળી કુલ રૂ.૧૦,૧૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી શખ્સ સામે પ્રોહી એકટ મુજબ ગુ નો નોંધી વધુ તપાસ પેથાપુર પોલીસ ચલાવી રહી છે.

### ઘ-૩ સર્કલ પાસે અજાણી કારની ટક્કરે બાઈકચાલકને ઈજા

ગાંધીનગર શહેરને અડીને આવેલા વાવોલ ગામના વણકર વાસ ખાતે રહેતા હરેશ રેવાભાઈ જાદવ (ઉં.૪૨) ગત તા.૨૬-૮-૨૧ ના રોજ જુના સચિવાલય બ્લોક નં. ૧૬ ના ત્રીજા માળે આવેલ ગ્રામ વિકાસની કચેરી ખાતે પટાવાળા તરીકે નોકરી કરે છે. સવારે ૧૦ વાગે તેઓ ઘરેથી પોતાનું સ્પ્લેન્ડર બાઈક નં. જી.જે.૧૮.એ.જે.-૫૧૯૦ લઈને જઈ રહ્યા હતા. તે દરમિયાન ઘ-૩ સર્કલ પાસે પુરપાટ ઝડપે અને ગફલતભરી રીતે કારના ચાલકે કાર હંકારી બાઈકને ટક્કર મારતા હરેશભાઈ નીચે માર્ગ પર પટકાતા ઈજા પહોચી હતી. તેઓને તાત્કાલીક સારવાર માટે લઈ જવાયા હતા.જયાં તેમના જમણા પગે ફ્રેકચર હોવાનું નિદાન થયું હતું. બનાવ અંગે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે અજાણી કાર ચાલક સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

### બીએપીએસ વાવોલ મહિલા મંડળ દ્વારા પારાયણનું આયોજન

બીએપીએસના વાવોલ મહિલા મંડળ દ્વારા એક દિવસીય મહિલા પારાયણનું આયોજન કર્યુ હતુ. આ પ્રસંગે અનિતાબેનના ઘરેથી નીકળેલી પોથીયાત્રા સંસ્કાર ધામ ખાતે પહોંચી હતી. ઈન્દુબેન સુરાણી અને રંજનબેન વાઘેલાએ પારાયણનો પ્રારંભ ધૂન-પ્રાર્થનાથી કર્યો હતો.

# અડાલજમાં ચાલતા જુગારધામ પર રેડ કરી પોલીસે ૬ જુગારી ઝડપ્યા



ગાંધીનગર, તા.૬

અડાલજ ગામ ખાતે ચાલી રહેલા જુગાર ધામ ઉપર રેડ કરી કુલ રૂ.૧૨,૭૯૦ ના મુદ્દામાલ સાથે ૬ શકુનીઓને જુગાર રમતા ઝડપી પાડી અડાલજ પોલીસે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. અડાલજ પોલીસ મથકના પીઆઈ ડી.બી.વાળાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એમ.જે.શીંદે અને સ્ટાફના જવાનો પેટ્રોલીંગમા હતા તે દરમિયાન ખાનગી રાહે બાતમી મળી હતી કે શ્રેયા ગારમેન્ટની બહાર આવેલી ખુલ્લી જગ્યામાં અડાલજ ગામની સીમ ખાતે કેટલાક શખ્સો એકઠા થઈને જુગાર રમી રહ્યા છે. જેથી પોલીસે તાત્કાલીક રેડ કરીને કુંડાળુ વળીને બાજી માંડીને બેઠેલા શખ્સોને પકડી પાડ્યા હતા. પોલીસે જુગારીઓના નામ પુછતા ભરત ચમનભાઈ ચૌધરી (ઉં.૩૫, રહે. ઓમ રેસીડેન્સી અડાલજ), જગદીશ કાંન્તીભાઈ નાયી (ઉં.૪૦ રહે. ઓમ રેસીડેન્સી અડાલજ), જીતેન્દ્ર કાન્તિભાઈ પ્રજાપતિ (ઉં.૩૧, રહે.ઓમ રેસીડેન્સી અડાલજ), ઈશ્વર હીરાજી ઠાકોર (ઉં.૪૫ રહે. ઓમ રેસીડેન્સી અડાલજ), દિનેશ ભરતભાઈ પ્રજાપતિ (ઉં.૪૦, રહે. ઓમ રેસીડેન્સી અડાલજ), દિપક રમેશચંદ્ર પરીખ (ઉં.૪૦ રહે, ઓમ રેસીડેન્સી અડાલજ), નો સમાવેશ થાય છે. પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ.૧૨,૭૯૦ નો મુદ્દામાલ પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ભાઈજીપુરા પાટીયા નજીક નર્સરી પાછળથી પાંચ શકુનીઓ ઝડપાયા

ગાંધીનગર, તા.૬

ભાઈજીપુરા પાટીયા થી કોબા સર્કલ તરફના સર્વિસ માર્ગ પર આવેલી નર્સરી પાછળ ખુલ્લી જગ્યામાં જુગાર રમતા ૫ શકુનીઓને ઈન્ફોસીટી પોલીસે દબોચી લીધા છે. પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી રોકડ,મોબાઈલ અને વાહનો મળી કુલ રૂ.૨,૫૬,લાખનો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ઈન્ફોસીટી પોલીસ મથકના જવાનો પેટ્રોલીંગમા હતા તે દરમિયાન તેઓને બામતી મળી હતી કે ભાઈજીપુરા પાટીયા થી કોબા તરફના સર્વિસ માર્ગ પર નર્સરીની પાછળ ખુલ્લી જગ્યામાં કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે. જેથી પોલીસે સ્થળ પર જઈ જુગાર રમી રહેલા રાકેશ કાળુભાઈ સીધી (ઉં.૩૪ રહે.મનં.એ-૧૫ અલ્કાપુરી માણસા), દિનેસ કનુભાઈ સિંધી (ઉં.૩૪ રહે. મનં.બી.૧૧ અલ્કાપુરી સોસાયટી માણસા),રાજેશ શંકરલાલ પટેલ (ઉં.૪૨, રહે. સર્વોપરી એલીગન્સ બી.૪૦૩ ન્યું રાણીપ અમદાવાદ), લાલાભાઈ પુંજીરામ પટેલ (ઉં.૫૮, રહે.સજજનપુરા માણસા) અને સુરેશ પોપટભાઈ પટેલ (ઉં.૫૦ રહે સોપાન પ્રતિષ્ઠા



મ.નં.૫૦૩ કુડાસણ ગાંધીનગર)ને પકડી પાડયા હતા. પોલીસે જુગારીઓની અંગજડતી લેતા રૂ.૧૪૫૦ તેમજ દાવ પરથી રૂ.૩૫૦૦ તેમજ રૂ.૧૮૦૦૦ હજારના ૭ નંગ મોબાઈલ રૂ.૨ લાખની જી.જે.૦૧.એચ.એસ.-૪૩૮૭ અને રૂ.૨૦ હજારનું એકટીવા નં .જી. જે. ૧૮. સી. એલ. ૩૩૧૬ મળી કુલ રૂ.૨.૫૬ લાખનો મુદ્દામાલ કબ્જે કરી ઈન્ફોસીટી પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

### કુડાસણ ખાતે બ્રહ્માકુમારીના નવા રાજયોગ કેન્દ્રનો શુભારંભ

નવા ગાંધીનગરના વિકાસ અને વિસ્તાર સાથે લોકમાનસની આધ્યાત્મિકતા પ્રત્યેની વધતી જતી ઉત્કંઠા અને માંગને ધ્યાને લઈ સંચાલિકા રંજનબેન દ્વારા નવકાર બેંગ્લોઝ, કુડાસણ ખાતે નવું રાજયોગ સેવાકેન્દ્ર શરૂ કરવાનો સંકલ્પ કર્યો હતો. જેનો શુભારંભ જન્માષ્ટમીના પાવન પર્વ પર રાજયોગીની કૈલાશદીદી દ્વારા ચીલોડા સેવાકેન્દ્ર સંચાલિકા બી.કે. તારાબેન, બી.કે. રંજનબેન, બી.કે. રાજુભાઈ, બી.કે. સંદીપભાઈ તથા અગ્રણ્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં કર્યુહતુ. આ નવા સેવાકેન્દ્ર પર સપરિવાર પધારી વિનામૂલ્યે રાજયોગ સાપ્તાહિક કોર્ષ કરવા માટે હાર્દિક ઈશ્વરીય નિમંત્રણ પાઠવ્યુ હતુ. વધુ માહિતી માટે રંજનબેન (મો. ૯૮૭૯૬ ૧૨૧૧૦), બી.કે. સંદીપભાઈ (મો. ૯૯૦૯૦ ૬૬૬૬૩) પર સંપર્ક કરવા જણાવ્યુ છે.

### શહેરના માતા-પુત્રની અનોખી સિદ્ધિ

મુંબઈ ખાતે આયોજિત કમલેશ મોતા એક પાત્રિય ગુજરાતી આંતરરાષ્ટ્રીય ડિજિટલ સ્પર્ધા-૨૦૨૧નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિશ્વભરમાંથી ૧૩૮ કૃતિઓ આવી હતી. જે પૈકી ૧૭ થી ૩૦ વર્ષના ગ્રુપમાં ગાંધીનગરના યુવા કલાકાર પરમ પરાગ શુક્લએ દ્વિતીય ઈનામ મેળવ્યુ છે. તથા તેમના માતા ડૉ. મમતા બુચ કે જેઓ શહેરના અનુભવી કલાકાર છે. તેઓ તેમના ૫૧ થી વધુ વર્ષના ગ્રુપમાં પ્રથમ પાંચમા સ્થાન મેળવ્યુ છે. આ કલાકારોએ સમગ્ર દુનિયામાં ઈનામ મેળવીને ગાંધીનગરનું ગૌરવ વધાર્યુ છે. આ બંને કલાકારોએ અભિનયની તાલીમ શહેરના જાણીતા નાટ્યકાર, લેખક, દિગ્દર્શક, પત્રકાર તથા કલાગુરુ કુંતલ નિમાવતના હાથ નીચે મેળવેલ છે.

### ખૂણેખાંચરેથી

- જિલ્લા પંચાયતના ચૂંટાયેલા સભ્યોની એક બેઠક આજે પ્રમુખ દિલીપ પટેલના કાર્યાલયમાં મળી હતી. જેમાં રાજકીય સ્થિતિની સમીક્ષા કરવામાં આવી હતી.
- 'વતનપ્રેમ' યોજના અંગે આજે ચારેય તાલુકા વિકાસ અધિકારીઓ સાથે જિલ્લા વિકાસ અધિકારી અને ના.જિ.વિ. અધિકારીએ સમીક્ષા કરી હતી.
- પંચાયતમાં આજથી ત્રિદિવસીય ઈન્સ્પેક્શનનો પ્રારંભ થયો છે.
- મ્યુનિ. કમિશનર ડૉ. ધવલ પટેલે આજે શાખાધિકારીઓની બેઠક યોજી હતી.
- ગાંધીનગર મનપાની ચૂંટણી જાહેર થતાં આજથી આચારસંહિતાનો અમલ શરૂ થતાં બોર્ડ, હોર્ડિંગ્સ બેનર ઉતારવા માટે તંત્ર હરકતમાં આવી ગયું છે.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.
- ગાંધીનગર શહેર જિલ્લામાં આજે ૮ હજારથી વધુ લોકોને વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવાયા હતા. ગ્રામ્ય વિસ્તારમાં ૪૯૯૯ અને શહેરમાં ૩૦૬૬ લોકોને આવરી લેવામાં આવ્યા હતા.
- મનપાની ચૂંટણી જાહેર થતાં મનપા દ્વારા આજે જાહેર થનારી જાહેર પાર્કિંગ માટેની નીતિ અંગે જાહેરાત તંત્રએ મુલત્વી રાખી છે.

### પી.કે. ચૌધરી કોલેજમાં 'રાષ્ટ્રીય પોષણ માસ'ની ઉજવણી

ગાંધીનગર, તા. ૬

પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં હોમ સાયન્સ વિભાગ દ્વારા 'રાષ્ટ્રીય પોષણ માસ'ની ઉજવણી કરી હતી. જેમાં કુકીંગ કોમ્પીટીશન યોજવામાં આવી હતી. જેનો વિષય 'અનાજ-કઠોળની પોષણયુક્ત વાનગી' હતો. જેમાં ડૉ. એમ.એમ. ચૌધરી નિર્ણાયક તરીકે, મૈત્રી વસાવડા ન્યુટ્રીશન એક્સપર્ટ અને ડાયટીશન રહ્યા હતા. કોલેજની ૨૫ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. પ્રથમ સ્થાને ઝલરી મહેતા, બીજા ક્રમે ઉર્વશી પરમાર, ત્રીજા ક્રમે નિધી સોની રહેલ હતા. આ વિદ્યાર્થીનીઓને આચાર્ય તેમજ હોમ સાયન્સ વિભાગના સ્ટાફમિત્રો અને નિર્ણાયક દ્વારા ઈનામ વિતરણ કર્યુ હતુ. આ ઉપરાંત ગૃહ વિભાગની વિદ્યાર્થીનીઓ અને અધ્યાપક દ્વારા સ્લમ એરિયામાં જીવન જરૂરી ચીજવસ્તુઓનું વિતરણ કર્યુ હતુ.



ભાદરવી પૂનમ નજીક આવી રહી છે ત્યારે અંબાજી તરફ જતા યાત્રાળુઓની સંખ્યા વધવા લાગી છે. પોર ગામથી ભાવિકોનો સંઘ અંબાજી જવા નીકળ્યો હતો. ખ-રોડ ઉપરથી પસાર થતાં આ સંઘે આકર્ષણ જમાવ્યુ હતુ.

# એક જ દિવસમાં શહેરમાં કોબ્રાએ બે વ્યક્તિને દંશ દીધો

**વાવોલની કિર્તીધામ સોસાયટીમાં કચરો વાળતી મહિલાને કોબ્રા દંશ દેતા વેન્ટિલેટર પર : સે.૫ના સર્પ રેસ્ક્યુઅરની ઇજાગ્રસ્ત કોબ્રાને બચાવવાની કોશિશ ભારે પડી**

ગાંધીનગર તા.૦૬

ગાંધીનગરમાં ચોમાસાની ઋતુ દરમ્યાન સરિસૃપો નીકળવાની ઘટનાઓ દિન પ્રતિદિન મોટી સંખ્યામાં સર્જાઈ રહી છે. શહેરમાં આજના દિવસ દરમ્યાન સાપ સર્પદંશથી બે વ્યક્તિઓ ઈજાગ્રસ્ત થયાં હોવાની ઘટના સર્જાઈ હતી જેમાં એક મહિલા કોમામાં ચાલી જવા પામી છે જ્યારે સર્પદંશનો ભોગ બનેલી અન્ય યુવાન જે પોતે સ્નેક રેસ્ક્યુઅર જ હતો તેની તબિયત અત્યારે સુધારા પર છે.

પ્રાપ્ત વિગતો અનુસાર ગાંધીનગરના વાવોલમાં કિર્તીધામ સોસાયટી ખાતે રહેતી એક લાલમતીદેવી નામની આશરે ૬૫ વર્ષીય મહિલા પોતાના ઘરની પાછળના ભાગે સવારે કચરોવાળી રહી હતી ત્યારે તેની અજાણમાં ત્યાં ફરી રહેલા અને સાવરણીની હડફેટમાં આવી ગયેલા કોબ્રા સર્પે ડાબા પગની છેલ્લી આંગળી પર અચાનક દંશ દેતાં તે મહિલાને તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે લઈ જવામાં આવી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર આ મહિલાની સ્થિતિ ગંભીર હતી અને તેને અત્યારે આઈસીયુમાં વેન્ટિલેટર પર રાખવામાં આવી છે. બપોરના સમયે આ કોબ્રા સાપ ફરી દેખાતા તેને વનવિભાગના ઈન્દ્રોડા નેચર પાર્કના કર્મચારીઓ દ્વારા રેસ્ક્યુ કરી લેવામાં આવ્યો હોવાની માહિતી પ્રાપ્ત થઈ છે.

શહેરમાં સર્જાયેલા વધુ એક સર્પદંશના કિસ્સામાં સેકટર-૫ ખાતે રહેતા આશરે ત્રીસ વર્ષીય સ્નેક રેસ્ક્યુઅર યુવાન દિપક પ્રજાપતિ પોતાના બાઈક ઉપર સવારે નોકરીએ જવા નીકળ્યા ત્યારે સેકટરમાંથી ખ-રોડ તરફ જઈ રહ્યાં હતાં ત્યારે સે.૫માં જ રોડ પર એક કોબ્રા સાપ કોઈ વાહનની ટક્કરથી ઈજાગ્રસ્ત હાલતમાં જોવા મળ્યો હતો. આથી તેમણે તે સાપને બચાવીને નજીકના જંગલમાં છોડી મૂકવાના ઈરાદાથી રેસ્ક્યૂ કરવા પ્રયાસ કર્યો હતો ત્યારે સાપે તેને દંશ દેતાં તેમને સિવિલ હૉસ્પિટલ લઈ જવાયાં હતાં. હાલ તેમની તબિયત સુધારા પર હોવાનું જાણવા મળ્યું છે.

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

# શહેરમાં સોમવતી અમાસે શ્રધ્ધાના ઉમળકા સાથે શ્રાવણનું સમાપન

**શહેરના શિવાલયો ઓમ નમઃ શિવાયના નાદથી ગુંજી ઉઠ્યા : શિવાલયોમાં વિશેષ શણગાર અને મહાઆરતી સાથે વિવિધ હોમ હવન યોજાયાં : શ્રદ્ધાળુ ગુરુએ અભિષેક માટે લાઇનો લગાવી**

આજે દેવાધિદેવ મહાદેવની આરાધનાના મહોત્સવ સમા પવિત્ર શ્રાવણ માસનું પાંચમાં સોમવારે સોમવતી અમાસે શહેરમાં ભક્તિભાવ અને હોમ-હવન સાથે સમાપન થયું હતું. શ્રધ્ધાળુઓએ વહેલી સવારથી જ શિવાલયોમાં દુગ્ધાભિષેક તેમજ જળાભિષેક સહિત બીલીપત્ર ચડાવવા માટે લાઈનો લગાવી હતી. શહેરના શહેરના પંચદેવ મંદિરથી માંડીને વૈજનાથ મહાદેવ, ધોળેશ્વર મહાદેવ, કોટેશ્વર મહાદેવ સહિત તમામ શિવાલયોમાં મહાદેવજીને વિશેષ શણગાર તેમજ પુષ્પોની રંગોળી કરવામાં આવી હતી અને તે સાથે ઠેર ઠેર શિવમહિમ્ન સ્ત્રોતના પાઠ અને સામુહિક લઘુરુદ્ર હોમ જેવા ધાર્મિક કાર્યક્રમો યોજાયાં હતા. સાંજના સમયે શહેરના શિવાલયોમાં મહાઆરતી અને શિવધુન કરવામાં આવી હતી.

આ વર્ષે આ વર્ષે પવિત્ર શ્રાવણ માસમાં ચારની જગ્યાએ પાંચ સોમવાર હતા અને શ્રાવણ માસનો પ્રારંભ તા.૯ઠ્ઠી ઓગસ્ટ સોમવારે થયો હતો અને તેની પૂર્ણાહુતિ પણ આજે પાંચમાં સોમવારે થવા પામી હતી. આજે સોમવતી અમાસે શહેરના તમામ શિવાલયોમાં ચારેય પ્રહરની મહાઆરતી, જળાભિષેક, દુગ્ધાભિષેક, રૂદ્રાભિષેક, શિવપૂજન,અર્ચન માટે ભાવિકો ઉમટી પડયા હતા. ગત વર્ષે કોરોનાને પગલે શિવાલયો બંધ રહ્યા હતા પરંતુ દોઢ વર્ષ બાદ કોરોના હળવો થતા શ્રાવણમાં ભકતોને પ્રત્યક્ષ શિવદર્શનનો લાભ મળતા શિવાલયો ભકતોથી ધમધમતા રહ્યા હતા અને શિવમંદિરોમાં ભકતોનું ઘોડાપુર ઉમટી પડયુ હતુ. આ ઉપરાંત સંસદની રહેણાંક વિસ્તારોમાં પણ અનેક સોસાયટીઓમાં સામૂહિક લઘુરુદ્ર પૂજા અર્ચના તેમજ શિવ મહિમ્ન સ્ત્રોતના આયોજનો જોવા મળ્યાં હતાં.



ડભોડાથી મેદરડા પગપાળા યાત્રા સંઘનું આયોજન કરવામાં આવ્યુ છે. ભાવિકો આ સંઘમાં ઉલ્લાસભેર જોડાયા હતા.

**જીલ્લા જળ અને સ્વચ્છતા એકમ, મોડાસા**
**જાહેર નિવિદા નં.૭ સને ૨૦૨૧-૨૨**

WASMO

યુનિટ મેનેજરશ્રી, જીલ્લા જળ અને સ્વચ્છતા એકમ અરવલ્લી, પટેલ આર્કેડ, હનુમાન દાલબાટીની સામે, હજીરા વિસ્તાર, મું.પો.તા. મોડાસા, જી.અરવલ્લી, ફોન નં.૦૨૭૭૪-૨૪૬૦૩૧ પીન-૩૮૩૩૧૫ ધ્વારા અધ્યક્ષશ્રી ગ્રામ્ય જળ અને સ્વચ્છતા સમિતિઓ વતી E-2 કલાસ તથા તેના થી ઉપરના લાગુ પડતા કલાસનું રજીસ્ટ્રેશન ધરાવતા ઠેકેદારો પાસેથી બાયડ, ભિલોડા, ધનસુરા, માલપુર, મેઘરજ અને મોડાસા તાલુકાના ગામો ખાતે પાઈપલાઈન, પમ્પીંગ મશીનરી, ઉંચી ટાંકી, સંપ, ઘરજોડાણ, મીનીપોકેટ અને ભીતસુત્રો અને પારદર્શકતા બોર્ડના કામના કુલ (૨૧) કામોના ટેન્ડર "ઈ ટેન્ડરીંગ" પદ્ધતિથી ભાવો મંગાવવામાં આવે છે જેની અંદાજીત કિંમત રૂ.૭.૬૩ લાખ થી રૂ.૨૨૨૯.૧૩ લાખ સુધીના કુલ રૂા.૨૦૪૨.૨૭ લાખ થાય છે. જેમાં ટેન્ડર આઈ.ડી. ૪૭૬૧૭૦ થી ૪૭૬૧૭૮ ના ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે. ટેન્ડર ઓનલાઈન ભરવાની છેલ્લી તા.૧૫/૦૯/૨૦૨૧ના રોજ ૧૮.૦૦ કલાક સુધી ઓનલાઈન ભરી શકાશે અને જરૂરી ફીઝીકલ સબમીશનના ડોકયુમેન્ટ તા.૧૬/૦૯/૨૦૨૧ના રોજ ૧૬.૦૦ કલાક સુધી અને ટેન્ડર આઈ.ડી. ૪૭૬૧૭૯ થી ૪૭૬૧૯૦ના ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે. ટેન્ડર ઓનલાઈન ભરવાની છેલ્લી તા.૨૧/૦૯/૨૦૨૧ના રોજ ૧૮.૦૦ કલાક સુધી ઓનલાઈન ભરી શકાશે અને જરૂરી ફીઝીકલ સબમીશનના ડોકયુમેન્ટ તા.૨૨/૦૯/૨૦૨૧ ના રોજ ૧૬.૦૦ કલાક સુધી આર.પી.એ.ડી./ સ્પીડ પોસ્ટ/ કુરીયર દ્વારા સાદર કરવાના રહેશે.ઉકત કામો માટે ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી ટેન્ડર મંગાવવામાં આવે છે. એક અથવા તમામ ટેન્ડરો કોઈપણ કારણ આપ્યા સિવાય રદ કરવાનો આબાધિત અધિકાર સબંધિત ગામની પાણી સમિતિને રહેશે. ટેન્ડર અંગેની વધુ વિગતો વેબસાઈટ www.nprocure.com પર ઉપલબ્ધ છે. ટેન્ડર અન્વયે જરૂરી ફેરફાર/ સુધારાની વિગતો માત્ર ઓનલાઈન જોઈ શકાશે.

**ગ્રામ્ય વિસ્તારની પીવાના પાણીની સમસ્યા અંગે ગુ.પા.પુ. અને ગ.વ્ય.બોર્ડના હેલ્પલાઇન નં.૧૯૧૬ ઉપર જનતાએ સંપર્ક કરવા અનુરોધ છે.**

નામાનિ/હિંમત/૩૦૩/૨૦૨૧